# રણને રોકી દીધું !

– કરસનદાસ લુહાર

માણસે ઝાડવાંને વાત કરી. ઝાડવાંએ પંખીઓને કહ્યું. પંખીઓએ વાદળાંને એ જ વાત કરી : ‘‘રણ દોડતું દોડતું આવી રહ્યું છે. જંગલો તરફ, ખેતરો તરફ, શહેરો તરફ, ગામડાં તરફ !’’ અને સૌ ભારે ચિંતામાં પડી ગયાં હા, ગમે તેમ કરીને એને પાછું વાળવું પડશે, રોકી દેવું પડશે, એમ સૌએ નક્કી કરી નાખ્યું, રણને પાછું કાઢવું જ છે.

વાદળાંએ પડકાર કરીને રણને કહ્યું : ‘‘બસ, હવે પાછું વળી જા. એક ડગલુંયે આગળ ખસતું નહિ. તું જ્યાં છો ત્યાં જ રહેજે.’’

રણને આ સાંભળીને ભારે ગુસ્સો ચડયો. એ લાલચોળ અવાજમાં બોલ્યું : ‘‘તમે વળી મને રોકવાવાળા કોણ ? જુઓ, હું દોડતું આવું છું. મારે બધે જ ફેલાઈ જવું છે ! ચારે તરફ રેતી પાથરી દેવી છે ! લીલાશને ખાઈ જવી છે ! ઝરણાં, તળાવ, નદીઓ પી જવાં છે ! મને બહુ ભૂખ લાગી છે. તરસ લાગી છે !’’



અને એ આગળ વધવા માંડયું. દોડવા લાગ્યું. એના ગરમ ગરમ શ્વાસ વાયરો બનીને સૂસવાતા હતા. રેતીની રણઝણાટી સંભળાતી હતી, રણ મુઠ્ઠીઓ વાળીને દોડતું આવી રહ્યું હતું.

સૌ જોઈ રહ્યાં. ડરી ગયાં. હવે શું કરવું ? રણ તો સાવ ખાઉધરું. ખેતરો, વાડીઓ, બગીચા અને જંગલોને ખાઈ જશે. એની તરસ કાળઝાળ છે. આ બે આખાં તળાવ અને નદીઓ પી જશે !

માણસો, ઝાડવાં, પંખીઓ, વાદળાં ઊંડા વિચારમાં પડી ગયાં. હવે કંઈક કરવું પડશે જ. રણને રોકવું જ પડશે. કશોક ઉપાય કરવો પડશે. નહિતર રણ બધે જ ફેલાઈ જશે. રેતીના પથારા કરી દેશે. શું કરવું ?

રણ તો મુઠ્ઠીઓ વાળીને દોડયું આવતું હતું. જંગલો, ખેતરો, બગીચા, શહેરો અને ગામડાં તરફ. ઝરણાં, તળાવો અને નદીઓ તરફ સૌ ફફડતાં હતાં. ''ભાગો, નાસો, દોડો ! રણ આવી રહ્યું છે. આપણને સૌને સાવ રેતાળ બનાવી દેશે. ભાગો પણ ભાગીને જવું ક્યાં ? ગમે તેમ કરીને રણને રોકવું જ પડશે. હવે એનો સામનો કર્યે જ છૂટકો.''

પંખીઓએ ઝાડવાંનાં ફળો ખાઈને એના ઠળિયા બીજ રણના રસ્તામાં વેરી દીધાં. શીળો પવન વાતો હતો. એણે એના પર ધૂળ ઉડાડીને ઢબૂરી દેવાનું કામ કર્યું. વાદળાં ધોધમાર ધોધમાર વરસવા લાગ્યાં. થોડાંક ઝાડવાં ચાલતાં ચાલતાં આવ્યાં અને રણના રસ્તામાં ઊભાં રહી ગયાં. કહે : ''અમે રણની આડાં હારબંધ ઊભાં રહીને અમારી લીલી દીવાલ ખડી કરી દઈશું. જુઓ, અમે અમારું કામ શરૂ કરી દીધું.''

પંખીઓ ટહુકવા લાગ્યાં. વાદળાં વરસવા માંડયાં. ધૂળમાં ધરબાયેલા ઠળિયા કાંટા બનીને બહાર નીકળવા લાગ્યા. એમાંથી છોડ થયા. સમય જતાં એ છોડ મોટાં ઝાડ બની ગયાં. અને રણના રસ્તામાં જ પેલાં ઝાડવાંની સાથે છાતી કાઢીને ઊભાં રહી ગયાં. ખુમારીથી બોલ્યાં : ''જોઈએ, હવે કેમ કરીને રણ આગળ વધે છે ?''

માણસો કહે : ''અમે તમારી સાથે છીએ. તમારું જતન કરીશું. રણને પાછું વાળવું જ છે.''

ધીમે ધીમે રણના રસ્તા પર એમ લીલીછમ દીવાલ ઊભી થઈ ગઈ. લીલી દીવાલ લંબાતી ગઈ, પહોળાતી ગઈ. ઊંચી ને ઊંચી થતી ગઈ ! લીલી લીલી, લાંબી લાંબી, ઊંચી દીવાલ ! રણનો રસ્તો રોકાઈ ગયો. રણ ડઘાઈ ગયું. બી ગયું. હવે કેમ આગળ જવું ?! રસ્તામાં આડી ઊભી છે લાંબી લાંબી, ઊંચી ઊંચી લીલી દીવાલ !

''બાપ રે ! હવે કેમ આગળ જવું ? મારો રસ્તો રોકઈ ગયો !'' રણ તો મુઠ્ઠીઓ વાળીને પાછું ભાગ્યું. જાય ભાગ્યું, માણસો, ઝાડવાં, પંખીઓ, વાદળાં એને પાછું જતું જોઈ રહ્યાં. સૌ ખુશખુશાલ થઈ ગયાં અને ખડખડાટ હસી પડયાં ! લીલી દીવાલ પણ મરકમરક થતી, મલકાતી હતી, સૌને સંતોષ થયો. સૌએ સાથે મળીને રણને પાછું વાળ્યું.

■